1)

મા.અધ્યક્ષશ્રી

નમસ્કાર

- સૌનો સાથ-સૌનો વિકાસ-સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સૂત્રને ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારના અભ્યાસુ અને શાંત પ્રકૃતિના યશસ્વી નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ પ્રજાલક્ષી,સર્વાંગી વિકાસને વેગ આપનારું અને છેવાડાના માનવીની આશા અને અપેક્ષાઓને સાચા અર્થમાં સાર્થક કરનારું બજેટને હું આવકાર સાથે અભિનંદન પાઠવું છું.

માન.અધ્યક્ષશ્રી,

- ગુજરાત સર્વાંગી વિકાસ ક્ષેત્રે હરણફાળ પ્રગતિ કરી રહ્યું છે,ગામડાનો વિકાસ પ્રગતિની સાથોસાથ શહેરી વિકાસમાં પણ પ્રાથમિક સુવિધાઓની સાથે આંતરમાળખાકીય વિકાસના કામોને બજેટમાં આવરી લેવામાં આવ્યા છે.જેને મારુ અનુમોદન આપું છું,હું આ તકે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વિવિધ વિકાસલક્ષી કાર્યો માટે કરવામાં આવેલ બજેટ માં જોગવાઈને આવકારું છું.

2)

માન.અધ્યક્ષશ્રી

- પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)અંતર્ગત શહેરોને '0' સ્લમના સંકલ્પને સાચા અર્થમાં સાકાર કરવા સાથોસાથ ગરીબ માનવી પણ પોતાના ઘરમાં સુખ શાંતિથી અને ગૌરવભેર પોતાના પરિવાર સાથે ગુજરાન ચલાવી શકે એ માનવતાલક્ષી કાર્યના ભાગરૂપે ગરીબોને ઘર આપવા માટે બજેટમાં કરવામાં આવેલ જોગવાઈ સરાહનીય છે.હું આ ઉમદા અભિગમને આવકારું છું.

માન.અધ્યક્ષશ્રી,

- શહેરી આયોજન અને વહીવટમાં ગુણાત્મક સુધારા થાય એ આજના ઝડપથી વધતા જતા શહેરીકરણની માંગ છે,શહેરોને આર્થિક રીતે ગતિશીલ,જીવંત,રહેવાલાયક અને પર્યાવરણની દ્રષ્ટિએ ટકાઉ તેમજ સક્ષમ બનાવવા IS OF Living (ઈઝ ઓફ લિવિંગ) પર ધ્યાન આપવું આવશ્યક છે જે રજૂ થયેલ બજેટમાં જોવા મળે છે એ ઉમદા વિચારને હું આવકાર અભિનંદન પાઠવું છું.

3)

માન.અધ્યક્ષશ્રી,

- શહેરી વિકાસના ભાગરૂપે માન.નાણાંમંત્રીશ્રીએ દીર્ઘ દ્રષ્ટિ દાખવી ગુજરાતમાં ખેતીલાયક જમીનની સાથોસાથ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પણ સમયાંતરે આયોજન થાય,ઉદ્યોગો-ગૃહઉદ્યોગોને ઉત્તેજન મળે,જનજીવન સુખાકારીમાં વધારો થાય, માળખાગત સુવિધાની સાથોસાથ અનેકવિધ પ્રકલ્પો સાકાર થાય અને માનવીની જરૂરિયાતો સંતોષાય,યુવાનોને શિક્ષણની રોજગારીની તકો વધે, આવા ઉમદા હેતુથી સમયાંતરે તબક્કાવાર ગામડાઓ નગરપાલિકાઓને જનસંખ્યા આધારિત સમાવેશ કરી મહાનગરપાલિકાનું સ્વરૂપ આપવાના અભિગમને આ વખતે પણ 7 મહાનગરપાલિકાની બજેટમાં જાહેરાત કરી એ બદલ પણ હું અભિનંદન પાઠવું છું.

માન.અધ્યક્ષશ્રી,

- આ ઐતિહાસિક બજેટને નજર અંદાજ કરીએ તો ઉડીને આંખે વળગે એવી બાબતે જણાય છે કે, પ્રજાજનોની સુખાકારીમાં વધારો થાય એ માટે માળખાકીય સગવડોને  સુદ્રઢ કરવાના ભાગરૂપે શહેરોમાં માર્ગો,પુલો ,પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા,આરોગ્ય, શિક્ષણ અને પરિવહનને ઉત્તેજન આપવાના ભાગરૂપે બજેટમાં કરવામાં આવેલ જોગવાઈ આવકાર દાયક અને અભિનંદનને પાત્ર છે.

4)

માન.અધ્યક્ષશ્રી,

- શહેરી વિસ્તરો માં જળવાયુ પરિવર્તનના પડકારો સાથે પ્રાકૃતિક આપદાઓ તેમજ અગ્નિશમન ની સેવઓ પુરી પાડવા તંત્રની સક્ષમતાને વધારવા તેમજ શહેરી ગરિબોને આવાસ ની સુવિધા ઉપલબ્ધ કરવા "પ્રધાનમંત્રી આવાસ યોજના" (શહેરી) અંતર્ગત બાકી રહેતા લાભાર્થીઓ માતે સમયબધ્ધ રીતે કામ કરવા માટેના કરવામાં આવેલ જોગવાઇ એ છેવાડાના માનવીમાટે આશિર્વાદ સમાન લેખી શકાશે.

માન.અધ્યક્ષશ્રી,

- ઈન્ફોર્મેશન ટેક્નોલોજીની મદદથી વિવિધ યોજનાઓ અસરકારક અને પારદર્શી રીતે અમલ કરી સ્થાનિક શહેરી સંસ્થાઓનો વહિવટ વધુ સુદઢ બનાવવાના ભાગરૂપે બજેટમાં કરવામાં આવેલ જોગવાઇ ની સાથો-સાથ ટાઉન પ્લાનિંગ અને બાંધકામ નિયમોના અમલિકરણ માટે કોમ્પ્યુટર આધારિત વ્યવસ્થા ગોઠવવાની પહેલ એ કાર્ય ની ગતી ને વેગ, સમયનો બચાવ-સદઉપયોગ અને ઝડપી પ્રક્રિયાને પ્રાધાન્ય આપશે જેને હું આવકારુ છું.

5)

માન.અધ્યક્ષશ્રી

- ગુજરાતના ઈતિહાસ નું સૌથી મોટું બજેટ માં સમાવિષ્ટ " ગિફ્ટ સિટી " માટે કરેલ જોગવાઈ અંગે જાહેરાત કરવામાં આવી તેને હું આવકારું છું ગિફ્ટ સિટીને 900 એકર થી 3300 એકરમાં વિસ્તરણ કરીને "પ્લાન્ડ ગ્રીની સીટી" તરીકે વિકસાવવામાં આવનાર હોય, જેનાથી સમગ્ર વિશ્વમાં ગિફ્ટ સિટીની "સપનાના શહેર" તરીકે ઓળખ પ્રસ્થાપિત થશે, એટલું જ નહીં શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્યલક્ષી

સવલતો મેટ્રો કનેક્ટિવિટી ઊભી કરાશે. જે ગુજરાતના વિકાસ સંદર્ભે ભવિષ્ય માટે આશીર્વાદ સમાજ સાબિત થશે.

માન.અધ્યક્ષશ્રી,

- ' સ્વચ્છ ભારત મિશન અને નિર્મળ ગુજરાત ના નેજા હેઠળ સમગ્ર દેશમાં મા. પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીની પ્રેરણાથી શરૂ કરવામાં આવેલ ઝુંબેશ આજે જન-જનના માનસપટ પર અંકિત થયેલ છે. મને ગૌરવ છે કે ગુજરાતમાં મારું સુરત સવમાં 'સ્વચ્છતા' માં દેશમાં પ્રથમ સ્થાન મેળવી ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. ત્યારે પ્રવાહી અને ઘન-કચરાનું યોગ્ય વ્યવસ્થાપન કરવા માટે બજેટમાં કરવામાં આવેલ જોગવાઈને આવકારું છું અને અભિનંદન પાઠવું છું

6)

માન.અધ્યક્ષશ્રી

- સ્માર્ટ સિટી મિશનનો ઉદ્દેશ્ય પસંદગી ના શહેરોમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા, પડકારોને પહોંચી વળવા તેમની ક્ષમતા વધારવા, સ્વચ્છ અને પર્યાવરણને અનુકૂળ વાતાવરણ વિકસાવવા સ્માર્ટ એટલે કે, ટેકનોલોજી આધારિત અભિગમોને સમર્થન આપવાના હેતુથી ગુજરાતમાં પસંદગી પામેલ શહેરોને માટે કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ માં રાજ્ય સરકારે પણ પૂરક બની બજેટમાં કરેલ જોગવાઈને હું આવકારું છું.

માન.અધ્યક્ષશ્રી,

- "મેટ્રો ટ્રેન" ભારતમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા જાહેર પરિવહન માંની એક છે. આ ટ્રેનો લોકોની ઉપયોગીતા માટે છે, આજે એનો મહત્તમ લાભ લોકો લઈ રહ્યા છે. સાથો-સાથ શહેરોમાં ટ્રાફિકને નિયંત્રિત કરવાનો ઉદ્દેશ્ય પણ રહેલો છે. પર્યાવરણ, કિંમતી સમયનો બચાવ અને ખર્ચમાં રાહતની બાબત પણ "મેટ્રો રેલ" પ્રોજેક્ટ સાથે સંકળાયેલી છે ત્યારે ગુજરાતમાં સુરત-અમદાવાદ જેવા શહેરોમાં પહેલ કરી આ પ્રોજેક્ટને સાચા અર્થમાં સાર્થક કરવા ના ભાગરૂપે બજેટમાં આનુસંગિક જોગવાઈને પણ મારું અનુમોદન આપું છું. ભારત માતાકી જય. જય શ્રી રામ

-વંદે માતરમ.